નકલ માટે અરજી કરનારનું નામ
ઈ.એમ.જેઠવા અધિક્ષક
નકલ અરજી મળ્યા તારીખ:
૬/૭/૧૭ અધિક્ષક
નકલ અરજી તૈયાર કર્યા તારીખ:
૭/૭/૧૭ અધિક્ષક
નકલ અરજી રવાના કર્યા તારીખ:
૧૧/૭/૧૭ અધિક્ષક
નકલ અરજી લેનાર આપનારનું નામ
ઈ.એમ.જેઠવા અધિક્ષક

આંક નં. ૯૬૭
અરજી નં. ૫૫૫૭
નોંધ કર્યા તા. ૬/૭/૧૭
અધિક્ષક

# મેમોરેન્ડમ ઓફ એસોશીએશન

**ટ્રસ્ટનું નામ** : સી.એ.આઈ.ટી. એલ્યુમની એસોશીએશન, આણંદ (કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી)

**ટ્રસ્ટનું સરનામુ** : કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ, તા.જી.આણંદ

શબ્દો
નકલ ખર્ચ રૂ. ૪૦૮
ખર્ચ રૂ. ૬૬.
ખર્ચ રૂ. ૧૦
ખર્ચ રૂ. ૪૪

**ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર** : સમગ્ર ભારત દેશ રહેશે.

**ટ્રસ્ટના હેતુઓ** : ટ્રસ્ટના હેતુઓ નીચે મુજબના રહેશે જે પ્રવર્તમાન કાયદાને આધીન રહીને કાર્ય કરશે.

(૧) કૃષિ સાથે સંકળાયેલા સમુદાયના ઉત્કર્ષ માટે એસોશીએશનના સભ્યો, મંડળો, સંસ્થાઓ (સરકારી અને ખાનગી) અને ઉદ્યોગો વગરે કે જેઓ કૃષિ વિષયક ટેકનોલોજીમાં સુધારો-વધારો, પ્રચાર-પ્રસાર અને ઉપયોગીતા હાંસલ કરવા માગે છે તેઓને ચર્ચા માટે મંચ પુરુ પાડવું.

(૨) કૃષિ અને તેના સંલગ્ન વિષયોને લગતી નવી ટેકનોલોજીનો પ્રચાર-પ્રસાર જુદા જુદા માધ્યમો જેવા કે, જનરલ્સ તથા ન્યુઝ લેટર પ્રકાશિત કરવા, સંશોધન અને શિક્ષણને લગતા નવા વિચારોનો સમાવેશ કરવો, સમીક્ષાઓ, નવા વિકાસ પરિણામો, લોકસંપર્કને લગતા પ્રસાર માધ્યમો જેવાંકે, રેડીયો, ટી.વી., ઈન્ટરનેટનો ઉપયોગ કરવો.

(૩) એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ પ્રદાન બદલ એસોશીએશનના સભ્યોને પુરસ્કાર, ચંદ્રકો તથા અન્ય રીતે પુરસ્કૃત કરવા.

(૪) એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને તેના સંલગ્ન વિષયોમાં સંશોધનને ઉત્તેજન આપવુ તથા હાથ ધરવું.

(૫) સ્પોર્ટની તમામ પ્રવૃત્તિઓ હા ધરવી. યુવાનો તથા યુવતિઓને પ્રોત્સાહન મળી રહે તે રમત-ગમતની હરીફાઈ યોજવા તેમજ પ્રોત્સાહનરૂપે ઈનામની વહેંચણી કરવી.

(૬) રાષ્ટ્રીય તથા રાજ્યને અનુરૂપ સંશોધન અને શિક્ષણને લગતા વિષયોના સેમીનાર, મેમોરીયલ લેકચર્સ, ચર્ચા તથા સમુહ ચર્ચાનું આયોજન કરવું.

(૨)

Scanned with OKEN Scanner

(૭) એસોશીએશનના લાયક તેજસ્વી વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવી તથા ગરીબ અને જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, ફી, પુસ્તકો, ગણવેશ, નોટબુકો દ્વારા મદદરૂપ થવું. તેમજ વિદ્યાર્થીઓના વિકાસ અર્થે કોમ્પ્યુટર સાથે શિક્ષણના વર્ગોમાં સોફટવેટર, હાર્ડવેર, પ્રોગ્રામીંગ તથા ઈન્ટરનેટના શિક્ષણનું જ્ઞાન મળી રહે તે માટે કોમ્પ્યુટર શિક્ષણની તાલીમ આપવી તથા તે અંગેના તાલીમ વર્ગો યોજાવા.

(૮) સરકારશ્રીના સાર્વજનિક પ્રોજેકટો હાથ ધરવા અને દેશના વિકાસ માટે સમાજ સેવાના અને લોકસેવાના કાર્યો કરવા અને લોકો સુધી પહોંચાડવા.

(૯) ક્રમ નં. ૧ ની જુદી જુદી એસોશીએશનની પ્રવૃત્તિઓને ચલાવવા માટે માળખાકીય સવલતો ઉભી કરવી.

(૧૦) ક્રમ નં. ૧ અને ૨ ની પ્રવૃત્તિઓ ચલાવવા માટે ભંડોળ ઉભુ કરવુ. દાન તથા થાપણો સ્વીકારવી.

(૧૧) એસોશીએશનના સભ્યો તથા કોલેજના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને આર્થિક મદદ કરવી.

(૧૨) એસોશીએશનની સરળ કામગીરીના વહન માટે નક્કી થયેલ કાર્યપદ્ધતિ મુજબ વ્યક્તિઓની નિમણુંક કરવી.

(૧૩) સ્વચ્છતા માટેના કાર્યક્રમો, સમાજ જાગૃતિના કાયક્રમો કરવા.

(૧૪) વૃક્ષોનું વાવેતર કરવા સામાજિક જાગૃતિ ફેલાવવી લોકોને વૃક્ષારોપણ કરવા પ્રેરીત કરવા.

જાહેર સ્થળોએ વૃક્ષારોપણ કરવું. વૃક્ષારોપણથી થતા ફાયદા વિશે લોકજાગૃતિ ફેલાવવી. તેમજ મૃતપ્રાય થયેલ વૃક્ષોનું સુશોભન કરી તેનું સૌંદર્ય પુનઃજીવત કરવાના પ્રયત્ન કરવા.

(૧૫) સંસ્થા દ્વારા અતિવૃષ્ટિ, રેલ્વે રાહત, વાવાઝોડા, ભુકંપ અને રોગચાળા અને અનાવૃષ્ટિ જેવા સંકટોમાં પીડીતોને જરૂરી તમામ પ્રકારની સુવિધાઓ પુરી પાડવી.

અમો નીચે સહી કરનાર જણાવીએ છીએ કે સદરહું ટ્રસ્ટના મેમોરેન્ડમ ઓફ



Scanned with OKEN Scanner

એસોસીએશન અને ધારાધોરણ અને નિયમો મંજુર રાખીએ છીએ અને સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ ૧૮૬૦ હેઠળ સંસ્થાને નોંધાવવાની ઈચ્છા ધરાવીએ છીએ. આ ટ્રસ્ટના વહીવટ નીચે જણાવેલ પ્રથમ કારોબારી સમિતિ કરશે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | નામ | સરનામુ | વ્યવસાય |
|---|---|---|---|
| (૧) | કથિરિયા ધવલ રાઘવભાઈ | એ-૭, સ્ટાફ ક્વૉટર્સ, આણંદ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, બેકરી શાળા સામે, આણંદ તા.જી.આણંદ | નોકરી |
| (૨) | પરમાર રઘુવીરસિંહ સજ્જનસિંહ | ૪, શ્રુતિ પાર્ક, આકૃતિનગર પાસે, જીટોડીયા રોડ, મુ.તા.જી. આણંદ. | નોકરી |
| (૩) | ઘોડાસરા યોગેશભાઈ રાવજીભાઈ | ૧૨, તક્ષશિલા બંગલોજ, મધુબાન રીસોર્ટ, આણંદ-સોજીત્રા રોડ, આણંદ. | નોકરી |
| (૪) | રાજ મયુરકુમાર | તીર્થરાજ બંગ્લોઝ, જિલ્લા કોર્ટ ગેટ પાસે, મુ. જીટોડિયા, તા.જી. આણંદ | નોકરી |
| (૫) | ચૌધરી ગણેશભાઈ ભીખાભાઈ | ચૌધરીવાસ, બલાડ, મુ. ખેરાલુ, જી. મહેસાણા, | નોકરી |
| (૬) | દરજી વિજયકુમાર બકોરભાઈ | પ્રેરણા, શાકુંતલ પાકૅ, ટાઉન હોલ પાસે, આર.કે. હોલ પાછળ,આણંદ.તા.જી.આણંદ | નોકરી |
| (૭) | પટેલ કલ્પેશકુમાર પુનમભાઈ | એ/૬/૧, રામદેવ સોસાયટી, ગાયત્રીનગર સામે, મુ.હાડગુડ,તા.જી.આણંદ | નોકરી |
| (૮) | અમીન બ્રિજેશકુમાર અરવિંદભાઈ | ૬, રામાગ્રીન, માનસી લેંડમાર્ક પાસે, લાંભવેલ-બાકરોલ રોડ, બાકરોલ, તા. જી. આણંદ | નોકરી |
| (૯) | સુથાર જીગરભાઈ વિનુભાઈ | વિઠ્ઠલવાડી, મુ. રતનપુરા, તા.જી. આણંદ | નોકરી |
| (૧૦) | વેગડ નિલેશકુમાર મનસુખલાલ | આશીર્વાદ સોસાયટી, સરદાર બાગ પાછળ, જુનાગઢ-૩૬૨૦૦૧ | નોકરી |
| (૧૧) | પરમાર દિગ્વીજયસિંહ ખુમાનસિંહ | ૩૫, નારાયણનગર સોસાયટી, ઓમ પીટીસી કોલેજ પાસે, ગોપી-વિદ્યાનગર રોડ, આણંદ. | નોકરી |

અમો નીચે સહી કરનાર જણાવીએ છીએ કે સદરહુ ટ્રસ્ટને સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ ૧૮૬૦ હેઠળ સંસ્થાને નોંધાવવા માંગીએ છીએ. તે બદલ અમોએ નીચે મુજબ સંમતિ બદલ સહીઓ કરીએ છીએ.

| ક્રમ | નામ | સહી |
| --- | --- | --- |
| (૧) | કથિરિયા ધવલ રાઘવભાઇ | |
| (૨) | પરમાર રઘુવીરસિંહ સજ્જનસિંહ | |
| (૩) | ઘોડાસરા યોગેશભાઇ રાવજીભાઇ | |
| (૪) | રાજ મયુરકુમાર પ્રવિણસિંહ | |
| (૫) | ચૌધરી ગણેશભાઇ ભીખાભાઇ | |
| (૬) | દરજી વિજયકુમાર બકોરભાઇ | |
| (૭) | પટેલ કલ્પેશકુમાર પુનમભાઇ | |
| (૮) | અમીન બ્રિજેશકુમાર અરવિંદભાઇ | |
| (૯) | સુથાર જીગરભાઇ વિનુભાઇ | |
| (૧૦) | વેગડ નિલેશકુમાર મનસુખલાલ | |
| (૧૧) | પરમાર દિગ્વીજયસિંહ ખુમાનસિંહ | |

તા. ૧૪/૨/૧૭
સ્થળ : આણંદ

કથિરિયા ધવલ રાઘવભાઇ

આંક નં ૨૨૫
અરજી નં. ૫૫૪૬
નોંધ કર્યા. તા. ૭/૫/૧૭
(સહી) નિરીક્ષક

# નિયમો અને ધારા ધોરણ

(૧) ટ્રસ્ટનું નામ : **સી.એ.આઈ.ટી. એલ્યુમની એસોશીએશન, આણંદ**

(૨) ટ્રસ્ટનું સરનામુ : કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ, તા.જી.આણંદ

(૩) **સભાસદ અને તેના પ્રકાર : આજીવન અને વાર્ષિક**

(અ) **આજીવન સભ્યપદ :**

એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી કોલેજના વિદ્યાર્થીઓ કે જેમણે ઓછામાં ઓછી એક પદવી (સ્નાતક અથવા અનુસ્નાતક) મેળવેલ હોય તેઓ આ સભ્યપદ માટે લાયક હોય સભ્યપદ ફી ૫૦૦/- ભરી સભ્યપદ મેળવી શકશે.

(બ) **શિક્ષક સભ્યો :**

એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી કોલેજમાં ફરજ બજાવતા શિક્ષકો આ એસોશીએશનને સભ્યપદ માટે માન્ય હોય સભ્યપદ ફી ૧૦૦૦/- ચૂકવી આજીવન શિક્ષક સભ્યપદ મેળવી શકશે.

નોંધ : ઉપરોક્ત સભ્યો અથવા ચુંટાયેલા કારોબારી સમિતિના સભ્યો પૈકી કોઈપણ સભ્ય અવસાન પામે, રાજીનામુ આપે સમયસર સભ્ય ફી નહી ભરે, ટ્રસ્ટના હીત વિરુધની પ્રવૃત્તિ કરે તેવા તમામ સંજોગોમાં તેઓનું સભ્ય પદ રદ થવાને પાત્ર રહેશે.

(૪) **આવકના સાધનો :**

દાન, ભેટ, ફંડ, ફાળો, લવાજમ, સભ્ય ફી, ચેરીટી શો, સરકારશ્રીની સહાય, વિદેશી સહાય, ગ્રાન્ટ, પ્રવૃત્તિ આવક વગેરે રહેશે.

(૫) **હિસાબી વર્ષ :** આ સંસ્થાનું હિસાબી વર્ષ ૧લી એપ્રિલ થી ૩૧ માર્ચ રહેશે.

(૬) **સામાન્ય સભાની ફરજો અને સત્તાઓ :**

૧) ઉપર અનું(૩) માં જણાવેલ તમામ સભાસદોની બનેલી સભાને સામાન્ય સભા કહેવામાં આવશે, સામાન્ય સભા દર વર્ષે હિસાબી વર્ષ પુરુ થયા પછી મોડામાં મોડા ૬ માસની અંદર ભરવામાં આવશે.

૨) કારોબારી સમિતિ તરફથી રજુ કરવામાં આવેલ વાર્ષિક નિવેદન મંજુર કરવામાં આવશે, વાર્ષિક બજેટ મંજુર કરશે અને કરોબારી સમિતિને તે પ્રમાણે ખર્ચ કરવાની પરવાનગી આપશે. કારોબારી સમિતિની ચુંટણી અથવા બહુમતીથી નિમણું કરશે.

Scanned with OKEN Scanner

૩) કારોબારી સમિતિ તરફથી રજુ થયેલ કામોનો નિકાલ કરશે.

૪) જરૂર જણાયે ખાસ સાધારણ સભા બોલાવી શકાશે, મીટીંગ બોલવવા માટે ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉ સભ્યોને જાણ કરવામાં આવશે.

૫) મંડળના સભ્યોના ૧/૩ અથવા ૧૦ સભ્યોની હાજરીથી કોરમ થયેલું ગણાશે અને કોરમના અભાવે મુલત્વી રહેલી સભા તે જ દિવસે નકકી કરેલા સ્થળે એક કલાક પછી ફરીથી મળી શકશે, તેમા કોરમનો બાધ આવશે નહી. નોન કોરમ મીટીંગમાં ફક્ત એજન્ડામાં જણાયેલ કામો જ હાથ ઉપર લેવામાં આવશે.

**(૭) કારોબારી સમિતિની સંખ્યા અને અનુગામી નિમવાની રીત :**

દર પાંચ વર્ષે સામાન્ય સભા કારાબોરી સમિતિના ઓછામાં ઓછા ૯ અને વધુમાં વધુ ૧૫ સભ્યોની બહુમતીથી નિમણુંક કરશે. જેની મુદત પાંચ વર્ષની રહેશે. કારોબારી સમિતિ પોતાનામાંથી બહુમતીથી પ્રમુખ, મંત્રી અને ખજાનચીની નિમણુંક કરશે. મુદત દરમ્યાન કારોબારી સમિતિના સભ્યોની કોઈપણ કારણસર ખાલી જગ્યા પડે તે ખાલી જગ્યા કે અધિકત્તમ સંખ્યા સુધીની ખાલી રહેલી જગ્યા પુરવાના સમયે કારોબારી સમિતિ બહુમતીથી બાકી રહેલા સમય માટે પુરી શકશે.

**(૮) કારોબારી સમિતિની ફરજો અને સત્તાઓ :**

૧) સતત ત્રણ મીટીંગમાં ગેરહાજર રહેનાર સભ્ય અને મંડળના હિત વિરુદ્ધની પ્રવૃત્તિઓ કરનારને યોગ્ય તક આપી યોગ્ય કાર્યવાહી કરીને તેઓને દુર કરવાની કાર્યવાહી કરશે.

૨) દર ત્રણ મહિને કારોબારીની એક સમિતિ એક સામાન્ય બેઠક મળશે. તેમાં જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. ટ્રસ્ટની સ્થાવર મિલકતો ખરીદવી, વેચવી, અદલો, બદલો, ગીરો, બક્ષીસ, ભાડે પટ્ટો વગેરે પૈકી કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવાનો થાય તો તે બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ ની કલમ ૩૬ ને પાત્ર રહીને સમિતિ બહુમતિથી ઠરાવ કરીને તેઓ વ્યવહાર કરી શકશે.

૩) જરૂરીયાતના પ્રસંગે પેટા સમિતિઓ નિમશે અને તેમની કામગીરી ઉપર ધ્યાન રાખશે અને તેમનો અહેવાલ માંગશે.

૪) કારોબારી સમિતિની મિટીંગ બોલાવવા માટે ઓછામાં ઓછા સાત દિવસ અગાઉ અથવા જે તે વખતે કારોબારી સમિતિ ઠરાવે તે રીતે જાણ કરાવવામાં આવશે.

૫) કારોબારી સમિતીના સભ્યોની ૧/૨ સભ્યોની હાજરીથી કોરમ થયેલું ગણાશે.



Scanned with OKEN Scanner

કોરમના અભાવે મુલત્વી રહેલી સભા તે જ દિવસે નક્કી કરેલા સ્થળે એક કલાક પછી ફરીથી મળી શકશે. તેમાં કોરમનો બાધ આવશે નહી. નોન કોરમ મિટીંગમાં ફક્ત એજન્ડામાં જણાવેલ કામો જ હાથ ઉપર લેવામાં આવશે.

૬) વાર્ષિક હિસાબો ઓડીટ કરવાનીને નિયત સમયમાં ચેરીટી કમિશ્નરની કચેરી, આણંદ ખાતે રજુ કરવાની કામગીરી કરશે. તેમજ વખતોવખત ટ્રસ્ટીઓમાં થતા ફેરફારોની જાણ પણ સમય મર્યાદામાં કરશે.

૭) જરૂરીયાત ના પ્રસંગે ચુંટણી તેમજ અન્ય પેટા નિયમો બનાવશે. જે બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ ની જોગવાઇ અનુરૂપ રહેશે.

(૯) **હોદ્દેદારોની ફરજો અને સત્તાઓ :**

(૧) **પ્રમુખ :**

દરેક સભાઓમાં હાજર રહીને કામકાજ સરળતાથી અને નિયમસર ચાલે છે કે કેમ તે અંગેની કાળજી રાખશે. કારોબારી સમિતિ તથા સામાન્ય સભા તથા વિશેષ સામાન્ય સભા બોલાવવી અને વર્ષ દરમ્યાન ચાલતી તમામ પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખશે, સલાહ સુચનો તેમજ માર્ગદર્શન આપશે. મંડળના કોઇપણ રેકર્ડના ઉતારાની ઉપર ખરાપણાની સહી કરી શકશે, તેમજ સરખા મતના પ્રસંગે કોસ્ટીંગ વોટ પણ આપી શકાશે. મંડળ માટે તેમજ તે સંસ્થા માટે પગારદાર નોકરોને યોગ્ય મહેનતાણુ આપવાનું નક્કી કરી રાખી શકાશે.

(૨) **મંત્રી :**

પ્રમુખની સંમતિથી સાધારણ સભા, ખાસ સભા, કારોબારી સમિતિની સભાઓ બોલાવવી, દરેક સભાના કામકાજની ટુંકી નોંધ ઠરાવ બુકમાં કરાવી, સભાના સુચનો તથા ઠરાવો અમલમાં મુકવા, દરેક પ્રકારનો પત્રવ્યવહાર કરવો, વાર્ષિક નિવેદન તૈયાર કરવુ, અને અંદાજપત્ર પણ તૈયાર કરી, કારોબારી સમિતિની સમક્ષ રજુ કરવુ. ખર્ચના મંજુર થયેલા અંદાજ પ્રમાણે આવેલ બિલો તપાસી મંજુર કરી ખર્ચ પાડવા સારુ પ્રમુખને મોકલવા. મંડળના કોઇપણ નોંધવહી અગર રેકર્ડના ઉતારાની નકલ પર ખરાપણાની સહી કરી શકશે. ડેડ સ્ટોક રજીસ્ટર તથા દરેક પ્રકારના સભ્યોના નામ સરનામાવાળા રજીસ્ટર નિભાવશે.

(૩) **ખજાનચી :**

મંડળના વાર્ષિક હિસાબો નિયમિત રાખશે અને હિસાબી સાહિત્યની જાળવણી કરશે, દરેક પ્રકારની આવકની પહોંચો આપશે. વાર્ષિક હિસાબો, સભ્ય ફી, તથા ખર્ચના હિસાબો રાખવા, સ્થાવર જંગમ મિલકતના રજીસ્ટર નિભાવશે. દર વર્ષે તે મિલકતોનું મેળવણું કરશે.

**(૧૦) નાણાંકીય વ્યવસ્થા :**

મંડળના ફંડ તથા મિલકત પર મંડળની માલિકી રહેશે. કોઈપણ સભ્યાસદ તેના પર વ્યકિતગત માલિકી હક કરી શકશે નહી. નાણાંકીય લેવડ-દેવડ કરવા પ્રમુખ, મંત્રીશ્રી કે ખજાનચી પૈકી કોઈપણ બે ની સંયુક્ત સહીથી કરવામાં આવશે જેમાં પ્રમુખની સહી હોવી જરૂરી છે. તમામ નાણાં રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવામાં આવશે.

**(૧૧) ફેરફાર બાબત :**

સદરહુ નિયમો અને ધારાધોરણ તેમજ મેમોરેન્ડમ ઓફ એસોસીએશનમાં જણાવેલી હકીકતો ફેરફાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ હેઠળની જોગવાઈઓ મુજબ ફેરફાર કરવામાં આવશે.

**(૧૨) મંડળના વિસર્જન બાબતે :**

સદર ટ્રસ્ટ રદ થાય નહી તેવુ (ઈરોવોકેબલ) રહેશે. આમ છતાં કોઈપણ એવા કારણસર ટ્રસ્ટનું વિસર્જન, બંધ થશે તો, ટ્રસ્ટની કોઈપણ મિલકત તેના સ્થાપક, સેટલર, ટ્રસ્ટી, દાતા અથવા સભ્યને મળશે નહી. પરંતુ જવાબદારીઓ ચુકવ્યા બાદ બાકી રહેતી મિલકત આવા સમાન હેતુ ધરાવતા તેમજ આવી સરખી પ્રવૃત્તિ કરતા ટ્રસ્ટને બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ની જોગવાઈને આધીન ચેરીટી કમિશ્નરશ્રીની પૂર્વ મંજુરી મેળવી ટ્રાન્સફર કરી શકાશે.

**(સદરહુ નિયમો અને ધારાધોરણની ખરી નકલ છે.)**

| ક્રમ | હોદ્દો | નામ | સહી |
|---|---|---|---|
| (૧) | પ્રમુખ | કથિરિયા ધવલ રાઘવભાઈ | [signature] |
| (૨) | મંત્રી | પરમાર રઘુવીરસિંહ સજ્જનસિંહ | R.S. [signature] |
| (૩) | ખજાનચી | ઘોડાસરા યોગેશભાઈ રાવજીભાઈ | [signature] |

(તમામ સભ્યોએ મારી રૂબરૂ સહી કરેલ છે.)

તા. ૯૪/૨/૧૭

સ્થળ : આણંદ

[signature]

કથિરિયા ધવલ રાઘવભાઈ

મદદનીશ ચેરીટી કમિશ્નર આણંદ પ્રદેશ, આણંદ

નકલ કરનાર :
મુકાબલા કરનાર :

[signature] ૧૦/૨/૧૭
સદર ટ્રસ્ટની ... આણંદ પ્રદેશ આણંદ

Scanned with OKEN Scanner

Spl./R. S./1 g.

No. 52133

# નોંધણીનો દાખલો

**સને ૧૮૬૦ નો મંડળીઓની નોંધણી બાબતનો અધિનિયમ**

(સને ૧૮૬૦નો ૨૧મો અધિનિયમ)

નોંધણી નંબર ગુજ/૧૯૮૮/આણંદ

આથી દાખલો આપવામાં આવે છે કે ઓ. એ. આઈ.ટી એલ્યુમની એસોસીએશન આણંદ તા.જી.આણંદ ને

આજ ૨૮/૦૬/૧૧ તારીખે, મંડળીઓની નોંધણી બાબતના (સન ૧૮૬૦ ના ૨૧માં) અધિનિયમ અન્વયે, યોગ્ય રીતે નોંધવામાં આવી છે.

મારી સહીથી આજ ૨૮ મી માહે જૂન સન ૨૦૧૧ ને દિને આપ્યો.

મદદનીશ રજીસ્ટ્રાર ઓફ સોસાયટીઝ આણંદ-પ્રદેશ, આણંદ

મદદનીશ રજીસ્ટ્રાર ઓફ સોસાયટીઝ
આણંદ-પ્રદેશ, આણંદ
મંડળીઓની નોંધણીના આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર,

..............................વિભાગ

Bank
Name
Branc
Accou

Thank You

Scanned with OKEN Scanner

Spl. C/C/BPT 2.

No. 51333

# નોંધણીનો દાખલો

આથી દાખલો આપવામાં આવે છે કે હેઠળ જણાવેલા સાર્વજનિક ટ્રસ્ટને સને ૧૯૫૦ ના મુંબઈના સાર્વજનિક ટ્રસ્ટો બાબતના (સન ૧૯૫૦ ના મુંબઈના ૨૯ માં) અધિનિયમ અન્વયે આણંદ પ્રદેશ આણંદ ખાતેની સાર્વજનિક ટ્રસ્ટ નોંધણી કચેરીમાં યોગ્ય રીતે નોંધવામાં આવ્યું છે.

સાર્વજનિક ટ્રસ્ટનું નામ શ્રી. એ. આઈ.ટી એલ્યુમની એસોસીએશન આણંદ તા.જી.-આણંદ

સાર્વજનિક ટ્રસ્ટોનો રજિસ્ટરમાંનો નંબર એ૫૪/૧૯૭૭/આણંદ

કોને દાખલો આપ્યો તે કાપડિયા ધવલ રાઘવભાઈ
કોલેજ ઓફ એગ્રીકલ્ચર ઈન્ફોર્મેશન ટેક્નોલોજી આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ તા.જી. આણંદ

મારી સહીથી આજ તારીખ ૨૮મી માહે જુન સને ૨૦૧૭ ને દિને આપ્યો

મદદનીશ ચેરીટી કમિશનર આણંદ પ્રદેશ, આણંદ

સહી મદદનીશ ચેરીટી કમિશનર
આણંદ પ્રદેશ આણંદ

હોદ્દો